દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

શુક્રવાર ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪

# ઓડિશાની ઘટના લશ્કર અને પોલીસ વચ્ચેના ગજગ્રાહનું નિમિત્ત બની ગઈ છે

ઓડિશામાં તાજેતરમાં એક લશ્કરી અધિકારી અને તેની મંગેતર સાથે એક પોલીસ સ્ટેશનમાં ભયંકર દુર્વ્યવહાર થયો એવા અહેવાલો એ દેશભરમાં ચર્ચા જગાડી છે ત્યારે હવે આ મામલામાં કેટલીક નવી વિગતો બહાર આવી છે અને પોલીસ તથા લશ્કર વચ્ચે વાક્યુદ્ધ ફાટી નીકળ્યું છે.

ઓડિશાના પોલીસ સ્ટેશનમાં આર્મી ઓફિસર પર કથિત ત્રાસ અને તેની મંગેતર પર જાતીય હુમલાને કારણે આર્મીના નિવૃત્ત સૈનિકો અને નિવૃત્ત પોલીસ કર્મચારીઓએ સામ સામા આક્ષેપો કર્યા છે. જ્યારે જનરલ વીકે સિંઘ (નિવૃત્ત) સહિત આર્મીના નિવૃત્ત સૈનિકોએ આ ઘટનાને "શરમજનક અને ભયાનક" ગણાવી છે, ત્યારે નિવૃત્ત પોલીસ અધિકારીઓ - જો પોલીસને આરોપી બનાવતા યુગલની વર્તણૂક પર પણ સવાલ ઉઠાવ્યા છે, દાવો કર્યો છે કે તેઓ નશામાં હતા.આ આક્ષેપો અને વળતા આક્ષેપો એટલા માટે આવ્યા હતા જ્યારે કથિત રીતે દંપતી લોકોના જૂથ સાથે બોલાચાલીમાં સામેલ હોય તેવા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. મહિલાએ આરોપ લગાવ્યો છે કે તેણીને ભરતપુર પોલીસ સ્ટેશનમાં માર મારવામાં આવ્યો હતો અને જાતીય હુમલો કરવામાં આવ્યો હતો, જ્યારે તેના આર્મી ઓફિસર-મંગેતરને પોલીસે ગેરકાયદેસર રીતે સેલમાં બંધ કરી દીધો હતો. આ ઘટના ત્યારે બની જ્યારે દંપતી રોડ રેજ મામલે ફરિયાદ નોંધાવવા ગયા હતા.આ કેસમાં ભારે હોબાળો મચ્યા બાદ પાંચ પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને મુખ્યમંત્રી મોહન માઝીએ નિવૃત્ત ન્યાયાધીશ દ્વારા ન્યાયિક તપાસનો આદેશ આપ્યો હતો. કેટલાંક નિવૃત્ત લશ્કરીઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર તેમની ચિંતા વ્યક્ત કરી છે કે કેવી રીતે અધિકારી સાથે કથિત રીતે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો અને કહ્યું હતું કે આર્મીમાં "જબરદસ્ત ગુસ્સો" છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ દ્વારા હસ્તક્ષેપની વિનંતી કરતા, મેજર ગૌરવ આર્ય (નિવૃત્ત) એ ટ્વિટ કર્યું, "ઓડિશા પોલીસે આર્મી ઓફિસર સાથે ગેરવર્તણૂક કરી અને તે પોતે જ એક ગુનો છે. કે તેઓએ એક મહિલા સાથે પણ ગંભીર રીતે દુર્વ્યવહાર, અપમાનિત અને અત્યાચાર કર્યો... કોઈ માફી નહીં હોવી જોઈએ આ માટે." મેજર જનરલ હર્ષા કાકરે (નિવૃત્ત) "છેડતી કરનારાઓ, લાંચ લેનારાઓ, કુટિલ પોલીસો અને મહિલાઓ સાથે દુર્વ્યવહાર કરનારાઓ"ને બચાવવા માટે ઓડિશા પોલીસને ફટકાર લગાવી. "તેઓ સત્યનો બચાવ કરી રહ્યાં નથી. જો સેના વિરોધ પ્રદર્શન કરશે, તો રાષ્ટ્ર થંભી જશે. શું સુરક્ષા સુનિશ્ચિત કરવામાં સામેલ સંસ્થાઓ સાથે આવું થઈ શકે છે." તેમણે ટ્વિટ કર્યું. દરમિયાન, સીબીઆઈના ભૂતપૂર્વ ડિરેક્ટર એમ નાગેશ્વર રાવ અને ઓડિશા નિવૃત્ત પોલીસ ઓફિસર્સ વેલ્ફેર એસોસિએશને પૂછ્યું છે કે શું દારૂ પીને ડ્રાઇવિંગ કરવા, એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ સાથે બોલાચાલીમાં સામેલ થવા અને પોલીસ સ્ટેશનમાં અરાજકતા ફેલાવવા બદલ આર્મી ઓફિસર સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે? ભુવનેશ્વરમાં, આર્મી ઓફિસર અને તેની મંગેતર 10 પેગ દારૂ પીવે છે અને રાત્રે લગભગ 2 વાગ્યાની આસપાસ કાર ચલાવે છે, લગભગ 2-30 વાગ્યાની આસપાસ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ સાથે બોલાચાલી કરે છે અને પછી ભરતપુર પોલીસ સ્ટેશનમાં આવી ચડે






છે અને હંગામો મચાવે છે. પોલીસ સ્ટેશનની અંદર, એટલી હદે કે સ્ટાફને પીસીઆરની મદદ લેવી પડી," ભૂતપૂર્વ સીબીઆઈ વડાએ કહ્યું. "પરંતુ હું એવું પૂછીને ભારતીય સેનાને અપમાનિત નહીં કરું કે, 'શું આ પ્રકારનું શિસ્ત છે જે ભારતીય સેના તેના અધિકારીઓને આપે છે અને તેને કેળવે છે?'. કારણ કે વ્યક્તિનું વિચલન કોઈ પ્રતિષ્ઠિત સંસ્થાનું પ્રતિનિધિત્વ કરતું નથી," એવું તેમણે ટ્વિટ કર્યું. ઓડિશા નિવૃત્ત પોલીસ ઓફિસર્સ વેલ્ફેર એસોસિએશને એક ખુલ્લા પત્રમાં લશ્કર પર આક્ષેપો કર્યા હતા અને કહ્યું હતું કે "આર્મી અધિકારીઓ માટે જાહેર અને જાહેર કચેરીઓમાં વર્તન" માટેનો કોર્સ ઉમેરવો જોઈએ. બીજી બાજુ કેટલાક નિવૃત્ત વરિષ્ઠ લશ્કરી અધિકારીઓએ પણ સીડીએસને એક ખુલ્લો પત્ર લખ્યો છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) અને આર્મી, નેવી અને એરફોર્સના વડાઓને સંબોધવામાં આવેલા સખત શબ્દોમાં લખેલા પત્રમાં, ભારતીય લશ્કરી નિવૃત્ત સૈનિકોએ સેવા આપતા કર્મચારીઓ અને તેમના પરિવારો સામે હિંસાની વધતી જતી ઘટનાઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ઇન્ડિયન એક્સ-સર્વિસિસ લીગ (IESL) ના બેનર હેઠળ વરિષ્ઠ નિવૃત્ત સૈનિકો દ્વારા લખાયેલ પત્રમાં ઓડિશામાં આર્મી ઓફિસરની મંગેતર પર હુમલા અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મૌન પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો અને ટોચના નેતૃત્વ પાસેથી પગલાં લેવા હાકલ કરવામાં આવી હતી. આ પત્ર એક અણિયાળા પ્રશ્ન સાથે સમાપ્ત થયો: શું સૈન્ય નેતૃત્વ વડા પ્રધાન સાથે આ મુદ્દાઓ ઉઠાવીને નિવૃત્ત સૈનિકો અને તેમના પરિવારોના બલિદાનનું સન્માન કરશે? નિવૃત્ત સૈનિકો, વર્તમાન પરિસ્થિતિથી સ્પષ્ટપણે નિરાશ થઈને, દેશના ટોચના લશ્કરી નેતાઓને બોલવા અને સેવા આપનારાઓના સન્માનનો બચાવ કરવા વિનંતી કરી રહ્યા છે. આ ખુલ્લા પત્રે સૈન્ય સમુદાયની અંદર અને તેનાથી બહાર ચર્ચાઓ જગાડી છે , જે સેવા આપતા કર્મચારીઓ, નિવૃત્ત સૈનિકો અને તેમના પરિવારો સાથેના વ્યવહાર તેમજ ભારતના વર્તમાન રાજકીય વાતાવરણમાં સૈન્યના સ્થાન વિશે પ્રશ્નો ઉભા કરે છે.

દેખીતી રીતે ઓડિશાની આ ઘટના લશ્કર અને પોલીસ વચ્ચેની લડાઇનું નિમિત્ત બની ગઇ છે. બંનેના અધિકારીઓ, ખાસ કરીને વરિષ્ઠ નિવૃત્ત અધિકારીઓ એક બીજાના દળો પર આક્ષેપો કરી રહ્યા છે. આશા રાખીએ કે આ લડાઇ વહેલી શમી જાય, બંને તરફના દોષિતો સામે યોગ્ય પગલાં લેવાય અને ઘીના ઠામમાં ઘી પડી રહે.

## પ્રેમભરી વાતો



ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક યુવાન અને યુવતી એકબીજાને પ્રેમ કરે છે.બહુ પ્રેમ કરે છે. એક દિવસ પ્રેમની મસ્તીમાં યુવતી યુવાનને પૂછે છે કે શું હું સુંદર છું?'યુવાન કહે છે, 'ના.'યુવતી સમજે છે કે તે મજાક કરે છે અને પ્રેમના કેફમાં આગળ પૂછે છે, 'શું તું આખી જિંદગી મારી સાથે રહીશ?'યુવાન કહે છે,'ના.'

યુવતી મનમાં મૂંઝાય છે, થોડીક નિરાશ થાય છે અને ગુસ્સામાં આગળ પૂછે છે કે, 'જો તને મારી જરૂર જ નથી તો હું તને છોડી જાઉં કે હું આ દુનિયા છોડી જાઉં તો તું રડીશ?'યુવાને ફરી કહ્યું,'ના.' યુવતીની આંખોમાં આંસુ આવી ગયા. તેણે ફરી પૂછ્યું, 'બે આંસુ પણ નહિ.'યુવાને કહ્યું, 'ના.'

યુવતી જોર જોરથી રડવા લાગી અને બોલવા લાગી, 'તું મને પ્રેમ કરતો જ નથી. શું તું બીજી કોઈ યુવતીને પ્રેમ કરે છે? યુવાને કહ્યું, 'ગાંડી, હું તને અને માત્ર તને જ પ્રેમ કરું છું અને બહુ પ્રેમ કરું છું.'યુવતી વચ્ચે બોલી, 'તું કયાં પ્રેમ કરે છે? તને તો હું સુંદર નથી લાગતી. તારે મારી સાથે આખી જિંદગી રહેવું નથી અને હું મરી જાઉં તો તું રડવાનો પણ નથી.'

યુવાન બોલ્યો, 'મારી ગાંડી, તું મને સુંદર નથી લાગતી કારણ કે તું મારા માટે દુનિયાની સૌથી સુંદર પરી છે અને તું નહિ તારું દિલ પણ અતિ સુંદર છે.' યુવતી ખુશ થઇ પણ છણકો કરતાં બોલી, 'એમ તો પણ તારે કયાં મારી સાથે આખી જિંદગી રહેવું છે?'યુવાન બોલ્યો, 'મારે તારી સાથે આખી જિંદગી રહેવું નથી.મારે જિંદગીની એક એક પળ તારી સાથે જીવવી છે.માણવી છે, માત્ર વિતાવવી નથી સમજી અને હા મને છોડી જવાની કે મરવાની વાત ક્યારેય કરતી જ નહિ કારણ કે તું મને છોડી જઈશ તો હું રડી પણ નહિ શકું કારણ કે તારા વિના તો મરી જ જઈશ.'યુવતી યુવાનના હોઠો પર આંગળી મૂકી તેને ચૂપ કરતાં ભેટી પડી. પ્રેમ હોય તો આવો હોવો જોઈએ. આવી પ્રેમસભર વાતો અને સાચો પ્રેમ જે કરી શકે અને એકમેકને સાચા મનથી ચાહી શકે તેઓ પોતાના ઘરને,પરિવારને, સમાજ અને દુનિયાને પ્રેમસભર સ્થળ બનાવે છે. પ્રેમ કરતાં રહો. એકબીજાને ચાહતાં રહો.

# નવી બારી ખોલી રહી છે ડિજિટલ ટેકનોલોજી

## કહેવાની વાત

નેહા શાહ

**આ ટેકનોલોજી સ્ત્રી-પુરુષનો ભેદ જોતી નથી, કે નથી જોતી જ્ઞાતિ, ધર્મ કે વર્ગનો ભેદ. જરૂર હોય છે માત્ર એક સ્માર્ટ ફોનની અને ઈન્ટરનેટ કનેક્શનની**

ભારતમાં મહિલાઓનું શ્રમ બજારમાં યોગદાન ઘણું ઓછું છે. માત્ર ૩૭ ટકા મહિલાઓ જ વ્યાવસાયિક કામ કરે છે. એક રસપ્રદ વાત એ છે કે હાઈસ્કૂલ પાસ કે ગ્રેજ્યુએટ થયેલી મહિલાઓમાં નોકરી કરનારનું પ્રમાણ ઘણું જ ઓછું છે. હા, પ્રોફેશનલ ડિગ્રી, એટલે કે મેડિસિન, એન્જિનિયરિંગ, કે એમ.બી.એ. ભણેલી હોય તો વાત બદલાઈ જાય. આમ થવાનું મુખ્ય કારણ એવું કે કોમર્સ, આર્ટસ કે સાયન્સ કોર્સમાં હજુ પણ સમય પ્રમાણે પરિવર્તન નથી થયાં, એટલે એ ડિગ્રીની બજારમાં કોઈ ખાસ ઉપયોગિતા નથી. પરિણામે ગ્રેજ્યુએટ થયેલા માટે બજારમાં નોકરી નથી. જો નોકરી મળે છે તો ખૂબ નીચા પગારે મળે છે. આવા સંજોગોમાં મહિલાઓ માટે પસંદગી અઘરી બની જાય છે.

ઘર - પરિવારની જે જવાબદારી એના શિરે હોય એની ગોઠવણ કરીને જો એવી નોકરી કરવાની હોય જેમાંથી ખાસ આવક મળવાની ના હોય તો નોકરી કરવી મોંઘી પડે! એના બદલે ઘરે રહેવું વધુ સારું!

ઘણી ભણેલી સ્ત્રીઓ હવે ઘરેથી નાનો વ્યવસાય કરતી હોય છે. કેક - ચોકલેટ, નાસ્તા, સૌંદર્ય પ્રસાધનો, કપડાં કે ફેશનનાં ઘરેણાં બનાવીને વેચવા જેવાં ઘણાં નાના- મોટા વ્યવસાયો બહેનો ઘરે બેસીને કરે છે, જેમાંથી કમ સે કમ પોતાના ખિસ્સા - ખર્ચી જેટલી આવક તો કમાઈ જ લે છે. આવા ઘરેલુ વ્યવસાયો બહેનોને પોતાની આવડત અને સર્જનાત્મકતાને વિકસાવવાનો મોકો ઊભો કરી રહ્યા છે, જેમાં એમનો સાથ આપી રહી છે ઝડપથી વિકસતી ડિજિટલ ટેકનોલોજી. મોબાઈલ ફોન થકી ડિજિટલ ટેકનોલોજી સરળતાથી લોકોના હાથમાં પહોંચી ગઈ છે જેને કારણે નાના અને સૂક્ષ્મ ઉદ્યોગસાહસિકો માટે વ્યવસાયની ઘણી સંભાવનાઓ ખૂલી ગઈ છે. આ ટેકનોલોજી સ્ત્રી-પુરુષનો ભેદ જોતી નથી, કે નથી જોતી જ્ઞાતિ, ધર્મ કે વર્ગનો ભેદ. જરૂર હોય છે માત્ર એક સ્માર્ટ ફોનની અને ઈન્ટરનેટ કનેક્શનની, જે શહેરી વિસ્તારોમાં તો હવે સહેલાઈથી ઉપલબ્ધ છે અને પરવડી પણ શકે છે. સોશ્યલ મિડિયા એપનો સાદો ઉપયોગ તો સૌ કોઈને આવડી જાય છે. એને વાપરતા રહો તો ઘણી નવી તરકીબો પણ મળતી રહે છે. કોઈ મોટા મૂડી રોકાણ વગર, પોતાની બચતના પૈસાથી જ શરૂ કરેલા વ્યવસાયને ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર લોકોના સંપર્કમાં આવીને પોતાનો ધંધો વિકસાવી શકાય છે. વોટ્સેપના સ્ટેટસ પર ફોટા મૂકીને પણ ગ્રાહકો ઊભા થતાં હોય છે! નથી બેન્કની લોનની જરૂર, નથી મોટી જગ્યાની જરૂર કે નથી દિવસના આઠ કલાક આપવાની જરૂર. ઘરેથી પોતાની સગવડ પ્રમાણે ઘણું કામ કરી લેતી બહેનોની સંખ્યા વધતી જાય છે.

ડિજિટલ ટેકનોલોજીએ વર્ચ્યુઅલ દુનિયામાં નવા સંબંધો વિકસાવાની કરવાની તક પણ ઊભી કરી આપી છે. ફેસબુક કે ઈન્સ્ટા પર કેટલીય બહેનો એક બીજા સાથે શોખના વિષયોથી જોડાય છે, ડિજિટલ નેટવર્કનો ભાગ બને છે, નવી મૈત્રી થાય છે જે તેમના વ્યવસાયમાં પૂરક બની રહે છે. યુટ્યુબ કે ઈંસ્ટાની પોસ્ટ પર દુનિયાના બીજા ખૂણે સ્ત્રીઓની જિંદગીનો ચિતાર જોતાં ઘરના ખૂણે બેઠેલી સ્ત્રીના મનમાં પણ આકાંક્ષા આકાર લેવા માંડે છે. પરિણામે આપણને જોવા મળે છે ઘણાં હ્રદયસ્પર્શી કિસ્સા. અમદાવાદની એક ગૃહિણી યુટ્યુબ પર થાઈ અને લેબનીઝ વાનગીઓ શીખે, યુટ્યુબની મદદથી જ એના વધુ સુંદર ફોટા પાડતાં શીખે, સોશ્યલ મિડિયા પર ફોટા પોસ્ટ કરે, ઘણાં ગ્રાહકો ઓર્ડર આપે અને ધીમે ધીમે એક ગંભીર વ્યવસાયમાં પરિણમે! આવા તો કાંઈક કેટલાંય ઉદાહરણો મળી જશે.

ઘરેથી ચાલતા આવા વ્યવસાયો પૈકી થોડા વ્યાપ વધારી શકે છે. બાકી મોટા ભાગના નાના પાયે જ ચાલતા રહે છે. પણ, દરેક ધંધાનો ઉદ્દેશ વ્યાપ વધારવાનો જ નથી હોતો. પોતાની પ્રતિભા શોધવાની તક મળે, નવી ઓળખાણ ઊભી થાય, સમયનો મનગમતો ઉપયોગ થાય, સાથે કુટુંબને થોડો આર્થિક ટેકો થાય, જેના પરિણામે કુટુંબ અને સમાજમાં મોભો ઊભો થાય એ પણ તો ઘણું અર્થપૂર્ણ છે! વળી, ઘણી બહેનો તો જાણી જોઈને ધંધો નાના પાયે જ ચલાવે. કારણ કે, જો ધંધો મોટો થાય તો એનો હિસાબ રાખવો પડે, એનું ઓડિટ કરાવવું પડે અને આવક પર ટેક્સ ભરવો પડે. આ બધી નાણાંકીય જંજાળ ઊભી થતાં ઘરના પુરુષો ધંધાની કમાન પોતાના હાથમાં લઈ લે એવી બીક પણ એમને સતાવતી હોય. પોતાના કાબૂમાં રહે એટલો જ ધંધો કરવાનો એવી સ્પષ્ટતા સાથે તેઓ નાના ધંધામાં પણ ખુશ હોય છે!

અલબત્ત, આનાથી કોઈ ક્રાંતિ નથી આવવાની, પણ આ ટેકનોલોજીએ સ્ત્રીઓને બહારની દુનિયાને જોવા માટેની બારી ખોલી આપી છે એટલું ચોક્કસ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# અર્થતંત્ર અને એમ્યુઝમેન્ટ પાર્કમાં ફેર હોય છે તે સમજો તો સારું

## રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

**ગુજરાતમાં છેલ્લાં ઘણાં વર્ષોથી સરકારી ખર્ચે માત્ર મનોરંજન માટેના પાર્ક બનવા લાગ્યા છે. બિન ઉત્પાદક બાંધકામો થવા લાગ્યાં છે, જેનો આવક અને રોજગારીમાં કોઈ ફાળો નથી હોતો**

તમે કદી આનંદમેળામાં ગયા છો? એમ્યુઝમેન્ટ પાર્કમાં ગયા છો? ત્યાં ચકડોળ હોય છે.ટ્રેન હોય છે. જાત જાતની રાઈડ્સ હોય છે, જેમાં બેસીને બાળકો આનંદ લેતાં હોય છે, થોડાં હળવાં થતાં હોય છે. ભાગદોડભરી જિંદગીમાં આવી હળવાશની પળો હોવી જોઈએ. આ પાર્ક કે આનંદમેળામાં જે રાઈડ્સ હોય છે, ટ્રેન હોય છે તે ક્યારેક આનંદ માટે છે અને તેમાં બેસનારને ખબર છે કે આ ટ્રેન અપડાઉનમાં કામ લાગવાની નથી. ત્યાં પ્લેન પણ હોય છે, બોટ પણ હોય છે પણ દુનિયાનો કોઈ અર્થશાસ્ત્રી તેને ઈન્ફ્રાસ્ટ્રકચરનો ભાગ ગણાતો નથી. અર્થશાસ્ત્રી જ શા માટે, કોઈ સામાન્ય માણસ પણ એને ક્ષણિક મનોરંજનથી વિશેષ ગણતો નથી. હવે તો નાના ગામડામાં પણ આવા મેળાઓમાં ગાડી, બોટ, વિમાન, ચકડોળ વગેરે તત્કાળ ઊભા કરવામાં આવે છે અને ગામલોકો પણ તેનો આનંદ માણે છે પણ એથી કરીને તેઓ હરખાતાં નથી કે આપણા ગામમાં ટ્રેન આવી, વિમાન આવ્યાં .....આટલી સાદી સમજ તો તેમને પણ છે તો પછી શું દેશના અર્થશાસ્ત્રીઓ આટલી સાદી સમજ પણ ગુમાવી ચૂક્યા છે? શું તેઓ ભૂલી ગયા છે કે આર્થિક વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. કોઈ એકલદોકલ ઘટના માત્રથી તે લક્ષ સિદ્ધ થતાં નથી.

એમ્યુઝમેન્ટ પાર્ક આખા અર્થતંત્રનો એક નાનો હિસ્સો હોય પણ આખું અર્થતંત્ર જ એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવામાં આવે ત્યારે પ્રજા અને નિસ્બત ધરાવતાં લોકોએ ચિંતા કરવી જોઈએ. ગુજરાતમાં છેલ્લાં ઘણાં વર્ષોથી સરકારી ખર્ચે માત્ર મનોરંજન માટેના પાર્ક બનવા લાગ્યા છે. બિન ઉત્પાદક બાંધકામો થવા લાગ્યાં છે, જેનો આવક અને રોજગારીમાં કોઈ ફાળો નથી હોતો. હા, તમામ બિનઉત્પાદક મૂડીરોકાણનો જ્યારે થાય ત્યારે તે તત્કાલ રોજગારી આપે છે પણ તે કાયમી રોજગારીનું સર્જન નથી કરતા અને માટે તે આવક પ્રવાહ નથી સર્જતા. જેમકે થોડાં વર્ષો પહેલાં ગુજરાતનાં દરેક ગામડાં બહાર પ્રવેશના માર્ગ પર દરવાજા બંધાવાનું શરૂ થયું. ગામના જ કોઈ દાતા પાસેથી રૂપિયા લઇ તેના નામ સાથે પ્રવેશદ્વાર બનાવ્યાં. હવે આ પ્રવેશદ્વાર ઊભાં છે. બસ એ બંધાયા ત્યારે ખર્ચ થયો અને બંધાનારા મજૂરોને રોજગારી મળી પણ હવે આ પ્રવેશદ્વાર ના કોઈને છાયો આપે છે ના રોજગારી. કડવી પણ આ સાચી વાત છે. આ જ ખર્ચમાં જો ગામમાં સરકારી શાળામાં ઓરડા બાંધવામાં આવ્યા હોત તો બાળકો આજે તેમાં ભણતાં હોત. તાપ વરસાદમાં તે કોઈનું છાપરું હોત! ગામડાના પ્રવેશદ્વાર તો ગામના કોઈ દાતાએ પોતાની યાદમાં બનાવડાવ્યા હતા પણ હવે સરકારી અધિકારીઓ નવો પ્લાન લાવ્યા છે. સરકારના ખર્ચે એટલે કે પ્રજાના રૂપિયાથી રાજ્યનાં શહેરોમાં પ્રવેશદ્વાર બનાવવાના. ભાઈ શા માટે? આની શું જરૂર? માત્ર કોન્ટ્રાકટ આપવા બાંધકામનાં બજેટ ફાળવવા માટે જ. ગુજરાતમાં જ્યારે હોય ત્યારે સપોર્ટ કોમ્પ્લેક્ષ. એમ્યુઝમેન્ટ પાર્ક ,મ્યુઝિયમના બજેટ ફાળવવાની જ જાહેરાતો થાય છે. ક્યારેય શાળાઓ ,દવાખાનાં,સિંચાઈ જેવાં મૂળભૂત રોકાણો માટે જાહેરાત થતી નથી. બીજું કડવું સત્ય એ છે કે બાંધકામ માટે નાણાં ફાળવાય છે પણ એ બાંધકામ પત્યા પછી તે સંસ્થા ચલાવવા માટે રોજગારી માટે નાણાં ખર્ચતા નથી.ઈવન નાણાં ખર્ચાઈ જાય પછી એ સંસ્થા એ વસ્તુનું શું થયું તે સરકાર પૂછતી નથી. તેનું વાસ્તવિક ઓડીટ થતું નથી. જેમ કે વર્ષો પહેલાં ગુજરાતમાં કોલેજોમાં લેન્ગવેજ લેબ ચાલુ કરી અને તે માટે કોમ્પ્યુટર ફળવાયાં. પ્રાથમિક શાળાઓમાં પણ કોમ્પ્યુટર ફાળવાયાં પણ હવે તે શું ઉપયોગમાં આવે છે તે કોઈને યાદ પણ નથી. અત્યારે દરેક સ્કૂલને સ્માર્ટ ટી.વી. આપાય છે. આવનારાં વર્ષોમાં તેનું મેન્ટેનન્સ પણ થવાનું નથી. હોસ્પિટલ બાંધવાનો ખર્ચ થાય પણ તેમાં ડોકટર નર્સની નિમણૂક ના થાય તો? હાઉસિંગનાં મકાન બંધાય પણ તે ફાળવાય જ નહિ. ચૂંટણી વખતે બહુ ગાજેલી સ્માર્ટ સ્કૂલોનું શું થયું? કોઈ અર્થશાસ્ત્રના જાણકારને પૂછો કે સી પ્લેન ઉડાડવું , નદીમાં ક્રુઝ બોટ ,હોટલ ચલાવવી તે સરકારનાં કામ છે?

માત્ર બે શહેર વચ્ચે દોડતી બુલેટ ટ્રેન કદી આંતરમૂડી માળખું ગણાય નહિ. સરકાર રસ્તા બાંધે તે યોગ્ય છે પણ રસ્તાના બ્યુટીફીકેશન માટે ખર્ચ કરે તે પ્રજાનાં નાણાં કોન્ટ્રાકટરના ખિસ્સામાં નાખવાની યોજના માત્ર છે. ગુજરાતમાં હવે પ્રજાએ નહિ નેતાઓએ જાગવાની જરૂર છે. આ અધિકારીઓ તેમને કોઈક અલગ જ રસ્તો બતાવી રહ્યા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

## ચર્ચાપત્ર

### આપણી ઉજવણી કોઈના માટે પજવણી ના બનવી જોઈએ

કોઈકે લખ્યું છે કે, આજ શહર મેં ઈતના સન્નાટા ક્યું હૈ? યકીનન કોઈ ત્યૌહાર હોંગા... ખાસ કરીને ગણેશોત્સવ વખતે વાતાવરણ તંગ અને ઊંચાટભર્યું રહેતું હોય છે. આ વખતે કેટલેક ઠેકાણે કાંકરીચાળો થયો, અને પ્રશાસને ત્વરિત પગલાં ભરી અસામાજિકોને જેર કર્યા.. આ વખતે પણ ગણેશોત્સવમાં ઘણી મૂર્તિઓ ખંડિત થઈ, ક્યાંક આગ લાગી તો ક્યાંક મૂર્તિઓના વિસર્જન વખતે કેટલાક માણસો ડુબ્યા, જેવી દુર્ઘટનાઓ બની.. આપણે કહીએ કે રસ્તાની વચ્ચે મંડપ ન બાંધો, આટલી ઉંચી મૂર્તિઓની સ્થાપના ન કરો, આરતી વખતે ડીજે ન વગાડો, ગણેશ મંડપમાં થતાં કેટલાક દુષણો બંધ કરો, ત્યારે લાગણી દુભાઈ જતી હોય છે, પરંતુ વિસર્જનના બીજા દિવસે રસ્તે રઝળતી, ખંડિત અવસ્થામાં વેરણછેરણ મૂર્તિઓની દુર્દશા જોઈને આપણી લાગણી નથી દુભાતી.. છેલ્લાં થોડાક વર્ષોથી તાપી નદીમાં મૂર્તિઓના વિસર્જન પર પ્રતિબંધ મુકાયો છે, જે સારું થયું છે, તો હવે ઊંચા કદની મૂર્તિઓ હજીરા, ડુમસના દરિયામાં વિસર્જન કરવામાં આવે છે. ધ્યાન રહે, એ દરિયા કાંઠો પણ આપણો જ છે. ઊંચી મૂર્તિઓ પર પ્રતિબંધ છે છતાં એ પ્રજા ગાંઠતી નથી અને તંત્ર ધર્મની વાત હોય આંખ આડા કાન કરી રહી છે. પહેલા કેટલાય દેવદેવીઓની મૂર્તિઓ તાપી નદીમાં પધરાવવામાં આવતી હતી.જેના કારણે આજે જે તાપી નદીની દુર્દશા છે, તે આપણા પાપે થઈ છે.. આપણે જ આપણાં પગ પર કુહાડો મારી રહ્યાં છીએ. તહેવારો આપણી સંસ્કૃતિનું અવિભાજ્ય અંગ છે. ઉજવવા જ જોઈએ, પણ આપણી ઉજવણી કોઈના માટે પજવણી ના બને એનું ધ્યાન રખાવું જોઈએ. આપણી ઉજવણીથી પર્યાવરણ પ્રદૂષિત થતું હોય તો તેનો અર્થ એ થાય કે આપણે જે ડાળ પર બેઠાં છીએ એ ડાળ જ કાપી રહ્યા છીએ. આપણાં આજના આનંદ ઉત્સવથી જો પર્યાવરણ બગડતું હોય તો એનો અર્થ એ થાય કે આપણે ભાવિ પેઢીના ભવિષ્યને બગાડી રહ્યાં છીએ. તહેવારો ઉજવવાની પેટર્ન હવે બદલાઈ રહી છે. આસ્થા ઓછી અને દેખાડો વધારે, દર્શન ઓછા અને પ્રદર્શન વધુ દેખાઈ રહ્યાં છે. તહેવારો પેશન માટે છે, ટેન્શન માટે નહીં.

**સુરત - પ્રેમ સુમેસરા**

### અમેરિકાની ટીવી ડિબેટના નિયમો

પાંચમી નવેમ્બર ૨૦૨૪ ના રોજ અમેરિકામાં પ્રેસિડેન્ટની ચૂંટણી છે . જેમાં ભૂતપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉપપ્રમુખ કમલા હેરિસ વચ્ચે ૧૦ મી સપ્ટેમ્બર ના રોજ એબીસી ન્યૂઝ ચેનલ દ્વારા ડિબેટ યોજાઇ હતી. આ પ્રકારની ડિબેટના નિયમો ખૂબ જ જાણવા લાયક છે. ડિબેટનું સંચાલન ડેવિડ મૂર તથા લિન્સી ડેવિડ દ્વારા કરવામાં આવ્યું હતું. દરેક ઉમેદવારને જવાબ આપવા માટે બે મિનિટનો સમય આપવામાં આવે છે. પ્રત્યુતર માટે બે મિનિટ આપવામાં આવે છે તથા ખુલાસો કરવા માટે એક મિનિટનો સમય આપવામાં આવે છે. જ્યારે એક ઉમેદવાર પોતાની વાત રજૂ કરતા હોય ત્યારે બીજા ઉમેદવારે પોતાનું માઈક્રોફોન બંધ રાખવાનું હોય છે. કોઈપણ ઉમેદવાર સામ સામે સવાલ પૂછી શકતા નથી .આ ડિબેટ દરમિયાન બંને ઉમેદવારોએ પોડીયમ ની પાછળ જ ઉભા રહેવાનું હોય છે. ડિબેટ અગાઉ કોઈપણ ઉમેદવારને કોઈપણ સવાલ કે ટીપ્સ આપવામાં આવતી નથી. ડિબેટ ની શરૂઆત ટોસ ઉછાળી કરવામાં આવી હતી . ટ્રમ્પ ટોસ જીત્યા અને તેઓએ છેલ્લે ક્લોઝિંગ રિમાર્ક આપવાનું પસંદ કર્યું હતું. જ્યારે કમલા હેરિસને પોડિયમની પસંદગી કરવાની તક મળી હતી , તેઓએ જમણી બાજુનુ પોડિયમ પસંદ કર્યું હતું. ડિબેટ ની શરૂઆત માં બંને ઉમેદવારના પરિચય આપવામાં આવેલ હતા. ત્યારબાદ ચર્ચા શરૂ કરવામાં આવી હતી. માત્ર સંચાલક જ પ્રશ્ન પૂછી શકે છે. ડિબેટ દરમિયાન બંને ઉમેદવારોને પેન, નોટબુક તથા પાણીની બોટલ આપવામાં આવે છે . કોઈપણ પ્રકારની નોટ કે સાહિત્ય પોતે સાથે રાખી શકતા નથી . બે કોમર્શિયલ બ્રેક હોય છે. તેમાં બંને ઉમેદવાર કોઈ પણ સાથે વાત કરી શકતા નથી કે સલાહ સુચન લઈ શકતા નથી. આ ડિબેટ નો હેતુ અમેરિકન મતદાતાઓને જાણકારી આપવા હોય છે. કોઈપણ જાતના મનોરંજનને સ્થાન નથી. આ ડિબેટમાં અમેરિકાની આર્થિક પરિસ્થિતિ, એમ્પ્લોયમેન્ટ , ઈમિગ્રેશન પોલીસી, ગર્ભપાત વિશે સવિસ્તાર વાતો થઈ હતી. દરેક ઉમેદવારે પોતાના વિચારો રજૂ કર્યા હતા. ફાસ્ટ ચેક એક અગત્યનો પોઈન્ટ છે. એમાં કોઈ પણ ઉમેદવાર કોઈ પણ રજૂઆત કરે તો તેઓ તરત જ તેઓ ફાસ્ટ ચેક કરીને સાચા છે કે ખોટા જણાવી શકે છે. આ પ્રકારની ડિબેટ ખૂબ જ અનુકરણીય છે.

**અમેરિકા - ડૉ ચંદ્રેશ જરદોશ**

### અસ્સલ સુરતી અટક

અટક એટલે નામ જ્યાં અટકે તે સ્થાન..!આપણામાં નામની સાથે અટકનું ઘણું મહત્વ છે. નામ અલગ હોઈ શકે પણ અટક થી વ્યકિતને અલગ ઓળખ પ્રાપ્ત થતી હોય છે. સુરતની મુખ્ય ખત્રી જ્ઞાતિની અટકો પર અગાઉ લખી ચુક્યો છું. સીટી પલ્સ પૂર્તિ માં 'અસ્સલ સુરતીઓની"વાળા"વાળી અટકોની વાતો રસપ્રદ રહી. ગુજરાત મિત્ર અસ્સલ સુરતીઓ ની માહિતી 'સીટી પલ્સ પૂર્તિ' માં પ્રસિદ્ધ કરી નવી પેઢીની વાંચન વૃત્તિમાં રસ જગાવે છે તે માટે પૂર્તિના સંપાદક ને અભિનંદન.અટકોની વાત આગળ વધારતા ખત્રી જ્ઞાતિમાં પશુ પક્ષી ની અટકોમાં કબુતરવાળા,પોપટીયા,પંખીવાળા,ગરૂડાવાળા,મરઘીવાળા,ગાયવાળા, હાથીવાળા,પશુમાઈવાળા,ભગીકુતરીવાળા,ખિસકોલીવાળા,ભેંના પાડીયાવાળા,નોળિયાવાળા વિ.આંકડાકીય અટકોમાં સાડીસાતસોવાળા,હજારીવાળા,દશહજારવાળા,લખપતિ,છપ્પનબારીવાળા વિ.જેવી અનેક અટકો પ્રચલિત હતી જે સમયાંતરે બદલવામાં આવી અને અમુક પરિવારમાં જૂની અટક ચાલુ રાખી છે.ખત્રી જ્ઞાતિમાં મોટીદુમવાળા,ડાહીજાડીવાળા,ખાટ્ટીકેરીવાળા,વાંકીકુલીવાળા,ગાલ્લાવાળા,ખીચડાવાળા,કાળિયાજાડાવાળા,પ્રેમલાપ્રેમલીવાળા,બમફસાવાળા,મોળીલાપસી, વિ.અટકો ચાલતી હતી પાછળથી અટકો બદલાઈ ગઈ છે.આજે ખત્રી જ્ઞાતિમાં જરીવાળા અને કાપડીયા અટક સામાન્ય છે પણ જેઓએ અટક બદલી છે એવા કુટુંબની ઓળખ આજે પણ જૂની અટકથી જ થાય છે.

**સુરત - કિરીટ મેઘાવાલા**

### ગાંધીજી મેનેજમેન્ટ ગુરુ હતા

મેનેજમેન્ટનું મુખ્ય કામ લોકોને પ્રેરણા અને દિશા પુરી પાટવાનું છે. મેનેજમેન્ટ આપણી સંસ્કૃતિનાં મૂળીયા સુધી પહોંચીને કામ કરે છે અને ગાંધીજી આ બાબતમાં ન માત્ર ભારત દેશ પરંતુ સમગ્ર વિશ્વને પ્રેરણા અને દિશા બતવવાનું કામ કર્યું છે. કોઈ પણ મેનેજમેન્ટ ગુરુ કે મેનેજમેન્ટની માંધતા ગણાતી કંપની ગાંધીજીના મેનેજમેન્ટને આવગણી શકે એમ નથી. ગાંધીજીનું મેનેજમેન્ટ કાંઈ કોઈ ઈન્સ્ટિટ્યુટનું મોહતાજ ન હતું. મેનેજમેન્ટનો કોઈ અભ્યાસ ન હતો. પણ રોજબરોજના જીવનમાંથી કઈ રીતે મેનેજમેન્ટની બાબતો શીખવી. મેનેજમેન્ટની સ્કુલ જેવા ગાંધીજી એમનું સમગ્ર જીવન મેનેજમેન્ટ શીખવા અપણા માટે મુકી ગયા છે. - મેનેજમેન્ટ ગુરુ પીટરડ્યુકર

**સુરત - ડાહ્યાભાઈ પટેલ**

### આ કેવી માનસિકતા?

કીમ-કોસંબા વચ્ચે રેલવેના પાટાની ફિશપ્લેટ કાઢી નાંખી સોશ્યલ મિડિયામાં પ્રખ્યાત થવા રેલવે કર્મીઓએ જે કરતૂત કર્યાં તે અતિશય નિંદનીય ગણાય. રેલવેમાં પ્રમોશન મેળવવા અને પરમેન્ટ થવા આ હીન કૃત્ય કર્યું એ ખરેખર દુઃખદ ઘટના કહેવાય! ઝડપાયા પછી તમે પ્રમોશન અને પરમેનન્ટ થવાને યોગ્ય રહેશો? આ પ્રકારના નાટક કેટલે અંશે યોગ્ય છે? તમે પરપ્રાંતિય છો. અહીં રોજી રોટી માટે આવ્યા છો તો જે તે રાજ્યને વફાદાર રહો, શા માટે કોઈ અન્ય પર દોષારોપણ થાય એવાં કૃત્ય કરો છો? આવાં ષડયંત્ર રચીને શું સિધ્ધ કરવા માંગો છો? આ તો ચતુર અને અનુભવી રેલ્વે અધિકારીઓ તથા બાહોશ અને કુશળ પોલીસ અધિકારીઓની ઉલટતપાસે સમગ્ર ઘટનાનો પર્દાફાશ કર્યો. આવી નાદાનિયત કેટલે અંશે યોગ્ય કહેવાય? ષડયંત્ર ત્રણ વ્યક્તિ દ્વારા અમલમાં મૂકાય અને દોષ કોઈ અજાણ્યા પર ઢોળી દેવાય, જેનું અસ્તિત્વ જ નહોતું! આવી માનસિકતા ધરાવનારાને સજા તો અવશ્ય થવી જ જોઈએ અને થશે જ એવી અપેક્ષા, જેથી અન્ય વ્યક્તિ આવી હિંમત ન કરે.

**સુરત - નેહા શાહ**